

પ્રિટી વિમેન ક્લબ દ્વારા મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી નિમિત્તે ઍક્ઝિબિશન કમ સૅલનું આયોજન બીજી અને ત્રીજી ઑગષ્ટના રોજ ઉમિયા મંદિર સંસ્થાન ખાતે કરવામાં આવ્યું હતું. ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર રીટાબેન પટેલના હસ્તે આ ઍક્ઝિબિશન ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

આ ઍક્ઝિબિશનમાં બહેનો દ્વારા જાતે જ બનાવવામાં આવેલી રાખડી, રંગોળી, ડ્રેસ, જ્વેલરી, હેર ઓઈલ, નાસ્તા, અથાણાં, મસાલાનું વેચાણ કરવામાં આવ્યું હતું. ઉદ્યોગ સાહસિક મહિલાઓને આ ઍક્ઝિબિશનના માધ્યમથી ક્લબે એક ઉપયોગી પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું.

### અડાલજના શ્રી માણેકબા કૃષિ વિદ્યાલય ખાતે

# ૮૦૦ વૃક્ષોનાં વાવેતરથી વન મહોત્સવની ઉજવણી



ગાંધીનગર, તા. ૫

શ્રીમતી માણેકબા કૃષિ વિદ્યાલય, અડાલજ ખાતે સોમવારે ૮૦૦ વૃક્ષો વાવીને ૭૦મા વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

શાળાના વિદ્યાર્થીઓ અને સમગ્ર શિક્ષકો તેમજ વહીવટી સ્ટાફ તથા આચાર્ય એન ડી પંચોલી દ્વારા સાથે મળીને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સમગ્ર સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ સ્વેચ્છાએ એક એક વૃક્ષની માવજત કરવાની જવાબદારી સ્વીકારી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ઍનઍસઍસ પ્રોગ્રામ ઓફિસર શ્રી કમલેશભાઇ પ્રજાપતિ, ઍનઍસઍસ સ્વયંસેવકો અને કરણસિંહ બિહોલા દ્વારા કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



દર્શન મારૂ
મો. ૯૫૮૯૨ ૮૭૪૪૭



મહેન્દ્રસિંહ પી વિહોલ
મો. ૭૩૫૯૪ ૮૪૧૨૧



અશ્વિનભાઈ આર પંડ્યા
મો. ૯૪૨૬૩ ૧૭૭૨૨



પંકજ પ્રજાપતિ
મો. ૮૩૨૦૬ ૪૩૪૪૬

# શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી ખાતે એન્જિનિયરીંગના પ્રેક્ટીકલ જ્ઞાન વિષયે સેમિનાર યોજાયો



ગાંધીનગર, તા. ૫

એન્જિનિયરીંગના શિક્ષણ કાર્યરત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી શિક્ષણ અને ઔદ્યોગિક ક્ષેત્ર વચ્ચે રહેલા તફાવતને દુર કરવાના આશયથી મુન્દ્રાની જાણીતી કંપની ટાટા પાવર સ્કિલ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ સાથે કરાર કર્યો છે. આ કરાર અંતર્ગત વિદ્યાર્થીઓમાં એન્જિનિયરીંગ અભ્યાસક્રમના સૈદ્ધાંતિક જ્ઞાનનું પ્રાયોગિક જ્ઞાન પ્રાપ્ત થશે. આ કરારના ભાગરૂપે ટાટા પાવર સ્કિલ ડેવલોપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ખાતે તાજેતરમાં મિકેનીકલ, ઈલેક્ટ્રીકલ અને સીવીલ, બ્રાન્ચના વિદ્યાર્થી માટે 'કેરિયર અવેરનેસ' વિષયે સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં વિદ્યાર્થીઓ માટે સર્જનાત્મક વિચારસરણી, કોમ્યુનિકેશન કુશળતા ઉચ્ચસ્તરની સમસ્યાઓનું નિરાકરણ કરવાની ક્ષમતા લીડરશીપ કેવી રીતે ડેવલપ કરવી, કોર્પોરેટ કલ્ચરનું જ્ઞાન વગેરે જેવા વિષયોની વિગતે ચર્ચા કરવામાં આવી હતી. આ સેમિનારનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં રોજગાર પ્રાપ્ત કેવી રીતે થાય છે અને વિદ્યાર્થીઓની આવડતનો યોગ્ય દિશામાં વિકાસ કરવા માટેનો હતો. આ સેમિનારમાં કોલેજના આશરે ૧૪૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મિકેનીકલ ડીપાર્ટમેન્ટના એચ.ઓ.ડી. ડૉ. મોહિત દિવાને કર્યું હતું અને સંચાલન પ્રો. અંકિત પટેલ તથા પ્રો. નેહલ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.

## મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે જળ સંરક્ષણ વિષયે વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૫

જળશક્તિ અભિયાન અંતર્ગત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેક્ટર-૧૬ ખાતે વિદ્યાર્થીઓ માટે જળ સંરક્ષણ વિષયે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્પર્ધામાં પ્રથમ ક્રમે બાસીમ આઈ મનસુરી વિજેતા બન્યા હતા. મીનાબેન એમ ઘંઘા દ્વારા નિર્ણાયક તરીકેની સેવા આપવામાં આવી હતી. આચાર્ય એલ વી રાતડિયા દ્વારા જળનું મહત્ત્વ અને વૈશ્વિક સમસ્યા અંગે વિદ્યાર્થીઓને વિગતવાર માહિતી આપી હતી. સંયોજક નટુભાઈ લાડાણી દ્વારા આભાર દર્શન સાથે વિદ્યાર્થીઓને જળ સંરક્ષણ અંગે શીખ આપવામાં આવી હતી.



ફિનકેર સ્મોલ ફાઈનાન્સ બેન્ક દ્વારા દહેગામના અમરાજીના મુવાડા ગામ ખાતે 'વૃક્ષ વાવો અને પર્યાવરણ બચાવો'ના ઉમદા લક્ષ્ય સાથે ૫૦ જેટલાં ફળાઉ વૃક્ષો (ચીકુ, સીતાફળષ જામફળષ જાંબુ)નું વાવેતર કરવામાં આવ્યું હતું. સ્થાનિક મહિલાઓ અને બેન્કના સીએસઆર મેનેજર તેજસ જોશીના હસ્તે આ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કઠલાલ તાલુકાના નાની મુંડેલ ગામે પણ બેન્ક દ્વારા ૫૦ ફળાઉ વૃક્ષોનું વાવેતર તેજસ જોશી અને સ્થાનિક નાગરિકોના હસ્તે કરવામાં આવ્યું હતું.

# ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં વાર્તાકથન સ્પર્ધા





બાળકોમાં લેખન કૌશલ્યનો વિકાસ થાય અને સ્ટેજ પર રજૂઆત કરવાનો એમનો ડર થાય તે માટે તેમને શાળાકક્ષાએ જ અલગ-અલગ કાર્યક્રમોમાં ભાગ લેવડાવવાના ઉપક્રમ રૂપે ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ધોરણ-૭થી ૯ના વિદ્યાર્થીઓ માટે વાર્તાકથન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ ત્રણ વિજેતાઓને શાળા પરિવાર તરફથી પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.



ગાંધીનગર શહેરના ૫૫મા સ્થાપના દિવસ નિમિત્તે ગાંધીનગર કલ્ચરલ ફોરમ અને ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે બાળ ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના સાત વિદ્યાર્થીઓએ ભાગ લઈ 'ગ્રીન ગાંધીનગર' વિષયે સુંદર ચિત્રોનું સર્જન કર્યું હતું. નગરકક્ષાના આ ઉપક્રમમાં ભાગ લઈ સુંદર ચિત્રોનું સર્જન કરવા બદલ વિદ્યાર્થીઓને સમગ્ર શાળા પરિવાર વતી આચાર્ય નીવાબેન પટેલે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## સારા-નરસાનું મિશ્રણ

ગાંધીયાત્રા

ટૉલ્સટૉય આશ્રમમાં મારી સામે એક પ્રશ્ન મિ. કૅલનબૅકે ઊભો કર્યો. તેમણે ઉપાડ્યો તે પહેલાં મેં તેનો વિચાર નહોતો કર્યો. આશ્રમમાં કેટલાક છોકરાઓ બહુ તોફાની અને નઠારા હતા. કોઈક રખડુ હતા. તેમની જ સાથે મારા ત્રણ દીકરાઓ હતા. બીજાં પણ તેવી રીતે ઊછરેલાં બાળકો હતાં. પણ મિ. કૅલનબૅકનું ધ્યાન તો પેલા રખડુ જુવાનિયાઓ અને મારા દીકરાઓ કેમ ભેળા રહી શકે એ તરફ જ હતું. એક દિવસ તે બોલી ઊઠ્યા : 'તમારી આ રીત મને જરાય ગળે નથી ઊતરતી. આ છોકરાઓની સાથે તમારા છોકરાઓને ભેળવો એનું પરિણામ તો એક જ આવે : તેમને આ રખડુ છોકરાઓનો પાસ લાગે ને તેઓ બગડ્યા વિના કેમ રહે ?'

હું ઘડીભર વિમાસણમાં પડ્યો કે નહીં એ તો મને અત્યારે યાદ નથી આવતું, પણ મારો જવાબ મને યાદ છે. મેં કહેલું: 'મારા છોકરાઓ અને રખડુ છોકરાઓ વચ્ચે હું ભેદ કેમ કરી શકું ? અત્યારે બન્ને સારુ હું સરખો જવાબદાર છું. આ જુવાનિયાઓ મારા નોતર્યા આવ્યા છે. જો હું તેમને પૈસા આપું તો તેઓ આજે જ જોહાનિસબર્ગમાં જઈ રહેતા હતા તેમ પાછા રહે. અહીં આવવામાં તેમણે મારા ઉપર કંઈક મહેરબાની કરી છે એમ પણ તેઓ તેમ જ તેમના વડીલો માનતા હોય તો નવાઈ નહીં. અહીં આવવાથી તેઓ અગવડ ભોગવે છે એ તો તમે ને હું બન્ને જોઈએ છીએ. પણ મારો ધર્મ સ્પષ્ટ છે. મારે તેમને અહીં જ રાખવા જોઈએ. એટલે મારા છોકરાઓ પણ તેમની સાથે જ રહે. વળી શું હું આજથી મારા છોકરાને તેઓ બીજા કેટલાકના છોકરાઓ કરતાં ઊંચા છે એવો ભેદભાવ શીખવું? એવો વિચાર તેમના મગજમાં રેડવો એ જ તેમને આડે રસ્તે દોરવા જેવું છે. આ સ્થિતિમાં રહેવાથી તેઓ ઘડાશે, સારાસારની પરીક્ષા પોતાની મેળે કરતા થઈ જશે. આપણે એમ કેમ ન માનીએ કે તેમનામાં જો ખરેખર કાંઈ ગુણ હશે તો ઊલટો તેનો જ ચેપ તેમના સાથીઓને લાગશે? ગમે તેમ હોય, પણ મારે તેમને અહીં જ રાખ્યે જ છૂટકો છે. ને જો તેમ કરવામાં કંઈ જોખમ હોય જ તો તે ખેડવું રહ્યું.' મિ. કૅલનબૅકે માથું ધુણાવ્યું.

પ્રયોગનું પરિણામ ખરાબ આવ્યું એમ ન કહી શકાય. મારા દીકરાઓને તેથી કંઈ નુકસાન થયું એમ હું નથી માનતો. લાભ થયો એ હું જોઈ શક્યો. તેમનામાં મોટાઈનો કંઈ અંશ રહ્યો હોય તો તે સર્વથા ગયો. તેઓ બધાની સાથે ભળતા શીખ્યા. તેઓ તવાયા.

આ અને આવા અનુભવો પરથી મને એમ લાગ્યું છે કે, માબાપોની દેખરેખ બરાબર હોય તો પોતાનાં સારાંનઠારાં છોકરાં સાથે રહે ને ભણે તેથી સારાને કશી હાનિ નથી. પોતાનાં છોકરાંને તિજોરીમાં પૂરી દેવાથી તે શુદ્ધ જ રહે છે અને બહાર કાઢ્યાથી અભડાય છે એવો કોઈ નિયમ તો નથી જ. હા, આટલું ખરું છે કે, જ્યાં અનેક પ્રકારનાં બાળકો તેમ જ બાળાઓ સાથે રહેતાં ભણતાં હોય ત્યાં માબાપની અને શિક્ષકની કસોટી થાય છે, તેમને સાવધાન રહેવું પડે છે.




'સત્યના પ્રયોગો'માંથી સાભાર

# પ્રેમતીર્થના પાવન પ્રસંગોની શબ્દયાત્રા




'જીવન તો ધર્મ માટે, આચાર-વિચાર માટે ખપાવી દીધું છે. પરંતુ કોઈ પળ એવી નહીં હોય કે એમણે જૈનની સાથે જનની ચિંતા ન કરી હોય ! સાચા અર્થમાં જૈનની પણ ચિંતા કરે અને જનની પણ ચિંતા કરે એનું નામ પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ.'

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આ શબ્દો બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ દ્વારા આ મહાપુરુષને 'ગુજરાતી ગૌરવ એવોર્ડ ૨૦૧૮'થી મરણોત્તર સન્માન કરતાં ઉચ્ચારવામાં આવ્યા હતા. કારણ કે અસ્તિત્વ એટલે માત્ર હોવું અને વ્યક્તિત્વ એટલે કંઈક વિશેષ હોવું. અસ્તિત્વ કાળક્રમે ખતમ થઈ જતું હોય છે. જ્યારે વ્યક્તિત્વ કાળને અતિક્રમીને અવિનાશી બની જાય છે. આવા અસ્તિત્વથી વ્યક્તિત્વ સુધીની યાત્રા એટલે માનવ જીવનની સફળતા. સુગંધ એ ફૂલનું ચારિત્ર્ય છે અને ચારિત્ર્ય એ જીવનની સુગંધ છે. ચારિત્ર્યની સુગંધથી છલોછલ એક વ્યક્તિત્વ! એમના દિવ્ય અને દીર્ઘ સુગંધ-સમૃદ્ધ જીવનને નાનકડા કાગળની ગાગરમાં સમાવવાની મથામણની આ વાત છે.




'૧૦૮ ગુણોનું પ્રેમતીર્થ'ના લેખક રોહિત શાહે સુપ્રસિદ્ધ શંખેશ્વર તીર્થમાં ૧૦૮ ભક્તિવિહારના સ્થાપક તથા ગચ્છાધિપતિ આચાર્ય શ્રી પ્રેમ સૂરીશ્વરજી મહારાજના ૯૭ વર્ષના આયુષ્યમાં ૮૬ વર્ષનું સાત્વિક સંયમી જીવન જીવીને સમગ્ર સંસારને પ્રેમ અને પ્રસન્નતાના પાઠ ભણાવી ગયા તેમની એ જીવનયાત્રા અંગે આ બૃહદ ગ્રંથ લખ્યો છે. જેમાં ૧૦૮ વિષયો પર ક્રમની કેડીએ આગળ વધતાં ૧૮૭ પાનામાં આચાર્ય પ્રેમ સૂરીશ્વરજી મહારાજના સંપર્કમાં આવેલા અનેક લોકોને પ્રત્યક્ષ મળીને તેમના અનુભવો જાણીને લેખકે પોતાની રસપ્રદ શૈલીમાં એ પ્રસંગોનું આલેખન કર્યું છે. આચાર્યશ્રી જૈન ધર્મ પ્રત્યે કેવા સમર્પિત હતા, તેમનો રાષ્ટ્રવાદ કેવો પ્રબળ હતો, પાઠશાળાઓ અને સાધર્મિક શ્રાવકો માટે તેઓ કેવી સંવેદના અનુભવતા હતા, વર્તમાન જૈન સંઘની સમસ્યાઓનું તેઓ કેવું સમાધાન આપતા હતા, શ્રમણ સંમેલનોમાં તેમની કેવી ભૂમિકા હતી. વગેરે બાબતો આ ગ્રંથના અભ્યાસ દ્વારા જાણવા મળે છે. અને લોકોનાં જીવનમાં આધ્યાત્મિક ઓજસ પ્રગટાવનાર તપાગચ્છાધિપતિ આચાર્યશ્રીના જીવન ચરણોમાસક આચાર્યશ્રી કુલચંદ્રસૂરીશ્વરજી (કેસી) મહારાજ સાહેબના માર્ગદર્શન હેઠળ જૈન નગરી ગોરેગામ, મુંબઈ ખાતે તા. ૨૦ માર્ચથી ૨૪ માર્ચ, ૨૦૧૯ દરમિયાન શ્રી ગુરુપ્રેમ-શતાબ્દિ મહોત્સવ અત્યંત ભવ્ય રીતે ઉજવ્યો હતો. આ મહોત્સવ દરમિયાન આયોજિત ભાતીગળ કાર્યક્રમો અંતર્ગત તા. ૨૧ માર્ચે આ ગ્રંથનું લોકાર્પણ થયું હતું.

'પ્રેમતીર્થ' ગ્રંથમાં આપણને એક અધ્યાત્મ ગુરુની આધ્યાત્મિક ચેતનાનો સ્પર્શ થાય છે. કેમ કે મહારાજશ્રીએ બાળકો, યુવાનો, મહિલાઓ, જૈનો તથા જૈનેતરો એમ સૌ કોઈને સમયોચિત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે શંખેશ્વર, પૂના, અમદાવાદ, મુંબઈ, પાટણ જેવાં અનેક નગરોમાં વિહાર કરીને લોકોને ધર્મનો મર્મ સમજાવ્યો હતો. એમણે સૌને રાષ્ટ્રભક્તિનો રંગ પણ લગાડ્યો હતો. તેમની પ્રતિભા એવી પ્રસન્ન અને પારદર્શક હતી કે એમની પાસે માર્ગદર્શન લેવા માટે જૈનેતરો પણ ઉમટી પડતા હતા. આ પુસ્તકમાં લેખકે એવા કેટલેક લોકોને મળીને, તેમના અનુભવો સાંભળીને આપણી સમક્ષ સુંદર રીતે પ્રસ્તુત કર્યા છે.

એક રીતે જોઈએ તો આ પુસ્તકમાં આચાર્યશ્રી પ્રેમ સૂરિશ્વરજી મહારાજના જીવનના ૧૦૮ પ્રસંગો આલેખવામાં આવ્યા છે. પરંતુ આ પ્રસંગો એ રીતે આલેખાયા છે કે જેથી તેમના ૯૭ વર્ષના આયુષ્યની સુવાસ આપણા સુધી પહોંચે. સમગ્ર ગ્રંથમાં ક્યાંય વેવલી ભક્તિ નથી, વહેમ ચમત્કારની વાતો જોવા મળતી નથી. એક અધ્યાત્મ ગુરુ પાસેથી આપણને સાચું જીવન દર્શન કેવું હોઈ શકે તેનો આ દસ્તાવેજ છે. નાના-મોટા અનેક લોકોના અનુભવની વાતો એમાં છે. જિનાલયના નિર્માણનું કામ કરતા મજૂરથી લઈને જિનાલયના નિર્માણનો લાભ લેનાર શ્રીમંત દાતાના અનુભવો પણ તેમાં છે. રાજકીય નેતાઓના અને અન્ય વિવિધ ધર્મ-સંપ્રદાયના અધ્યાત્મ ગુરુઓ સાથેનાત આચાર્યશ્રીના સંબંધની સ્મૃતિઓ પણ એમાંથી આપણને મળી રહે છે. આ ગ્રંથને વાંચ્યા પછી તેનો અંગ્રેજી તથા હિન્દીમાં અનુવાદ પ્રગટ થાય તો એક અધ્યાત્મ ગુરુના જીવનની પ્રેરક વાતો બહોળા જનસમુદાય સુધી પહોંચી શકે.

આવા પ્રેમતીર્થની પાવન પ્રસંગયાત્રા કરાવવા બદલ ગ્રંથના લેખક રોહિત શાહને ધન્યવાદ પાઠવું છું અને ગ્રંથને આવકારું છું.

૧૦૮ ગુણોનું પ્રેમતીર્થ
લેખક : રોહિત શાહ
પ્રકાશક : શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર જૈન ટ્રસ્ટ
મુ. શંખેશ્વર, તા. સમી, જિ. પાટણ
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૯ ● કિંમત : રૂા. ૬૫૦